શુદ્ધ ઘીમાં અશુદ્ધિની ચોંકાવનારી કથા

આયુર્વેદમાં દેશી ગાયના ઘીને અમૃતની ઉપમા આપવામાં આવી છે, પણ આજે બજારમાં શુદ્ધ ઘીના નામે જે પીળો પદાર્થ મળે છે, તે ઝેર કરતાં પણ વધુ ઘાતક હોય છે, કારણ કે તે માણસના શારીરિક આરોગ્ય ઉપરાંત તેના ધર્મનું અને સંસ્કૃતિનું પણ નિકંદન કાઢે છે. આયુર્વેદ મુજબ દેશી ગાયના દૂધને જમાવીને, તેનું દહીં બનાવીને, તેને દેશી વલોણાં દ્વારા હાથ વડે વલોવીને, તેમાંથી નીકળનારા માખણને દેશી ગાયનાં છાણાં વડે તાવીને, જે પદાર્થ પ્રાપ્ત થાય, તેને શુદ્ધ ઘી કહેવામાં આવે છે, પણ આજે બજારમાં આવાં શુદ્ધ ઘીના દર્શન દુર્લભ થઈ ગયા છે. આજે તો કતલખાનામાં કતલ કરાયેલી ગાયની ચરબી (જેને મટન ટેલો તરીકે ઓળખવામાં આવે છે) ની હાઇડ્રોજનેટેડ વનસ્પતિ તેલ(જેને ડાલડા ઘી તરીકે ઓળખવામાં આવે છે)માં મિલાવટ કરીને, તેમાં ઝેરી મેટાનિલ યેલો કલર ભેળવીને, ડબ્બામાં પેક કરીને, જે પદાર્થ વેચવામાં આવે છે, તેને શુદ્ધ દેશી ઘી તરીકે ઓળખાવવામાં આવે છે. આવું જે નકલી ઘી માંસાહાર સમાન હોય છે, જે નકલી ઘી શાકાહારીઓ પણ ખાય તો ધર્મભ્રષ્ટ થઈ જાય છે, તેવું હજારો કિલો નકલી ઘી ભોજનશાળાઓમાં, જૈનોના ઉપધાનના રસોડાઓમાં, ધાર્મિક અનુષ્ઠાનોમાં, સ્વામિવાત્સલ્યમાં અને ઘરોમાં વપરાય છે, જેની પ્રાયઃ બધાને ખબર હોય છે. નકલી ઘીના દીવા ભગવાનનાં મંદિરમાં બળે છે, તો પણ કોઈ ભક્તના પેટનું પાણી પણ હલતું નથી, તેને પણ કલિકાળનો પ્રભાવ જ ગણી શકાય કે બીજું કાંઈ?

આજે બજારમાં જાતજાતનાં નકલી ઘી મળે છે, પણ દેશી ગાયનું શાસ્ત્રોક્ત રીતે બનાવેલું શુદ્ધ ઘી દીવો લઈને ગોતવા જઈએ તો પણ મળતું નથી. મટન ટેલો ભેળવેલા વનસ્પતિ તેલ ઉપરાંત પામોલિનમાં કૃત્રિમ કલર અને સોડમ ભેળવીને લાખો કિલો નકલી દેશી ઘી તૈયાર કરવામાં આવે છે, અને તેને દેશી ગાયના શુદ્ધ ઘી તરીકે બજારમાં વેચવામાં આવે છે. તાજેતરમાં ગુજરાતની પોલીસે ગાંધીનગર નજીક છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં ધમધમતી એક ફેક્ટરી પર દરોડો પાડીને પામ ઓઇલમાંથી બનતું નકલી ઘી જપ્ત કર્યું હતું અને સાથે ૧.૬૭ કરોડ રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. આ ફેક્ટરી દ્વારા દર મહિને આશરે ૩૦ હજાર લિટર નકલી ઘીનું ઉત્પાદન કરીને, તેને ડબ્બામાં પેક કરીને બજારમાં દેશી ગાયના શુદ્ધ ઘી તરીકે વેચવામાં આવતું હતું. છત્રાલની આ એક જ ફેક્ટરી દ્વારા વર્ષે ૩.૬૦ લાખ લિટર નકલી ઘી બજારમાં વેચવામાં આવતું હતું. ગુજરાતનાં લગભગ દરેક શહેરમાં ધમધમતી આવી ફેક્ટરીઓ કેટલું નકલી ઘી બનાવતી હશે, તેની કલ્પના કરી જોજો.

નકલી ઘી દ્વારા ધાર્મિક પ્રજાની આસ્થા સાથે કેવી રમત રમવામાં આવે છે, તેનું

નકલી ઘીના દીવા ભગવાનનાં મંદિરમાં બળે છે, તો પણ કોઈ ભક્તના પેટનું પાણી પણ હલતું નથી, તેને પણ કલિકાળનો પ્રભાવ જ ગણી શકાય કે બીજું કાંઈ?

જ્વલંત ઉદાહરણ દક્ષિણ ભારતમાં આવેલાં તિરૂપતિ બાલાજી મંદિરના લાડુનો પ્રસાદ છે. આ લાડુમાં વર્ષો સુધી શુદ્ધ ઘીના બદલે મટન ટેલોમાંથી બનતું નકલી ઘી વાપરવામાં આવતું હતું. એવું બહાર આવ્યું છે કે ઉત્તરાખંડમાં સ્થિત ભોલે બાબા ઓર્ગેનિક ડેરીએ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન કોઈપણ દૂધ કે માખણ ખરીદ્યા વિના આશરે ૬૮ લાખ કિલોગ્રામ નકલી ઘીનું ઉત્પાદન કર્યું હતું અને તે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ને સપ્લાય કર્યું હતું. આ ઘીની અંદાજિત કિંમત ૨૫૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો

ટાઈમ લાઈન
સંજય વોરા

જ્યારે CBIની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ આરોપી અજય કુમાર સુગંધની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન એવું બહાર આવ્યું કે તેણે ભોલે બાબા ડેરીને મોનોગ્લિસરાઈડ્સ અને એસિટિક એસિડ એસ્ટર જેવાં રસાયણો વેચ્યાં હતાં, જેનો ઉપયોગ ઘીની રચનાને કૃત્રિમ રીતે વધારવા માટે થતો હતો. ભોલે બાબા ઓર્ગેનિક ડેરીને TTD દ્વારા મંદિરમાં બનેલા લાડુ માટે ઘી સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ઉત્તરાખંડના ભગવાનપુર વિસ્તારમાં આવેલી આ ડેરી પોમિલ જૈન અને વિપિન જૈન દ્વારા ચલાવવામાં આવે છે. તેઓએ વૈષ્ણવી ડેરી (તિરુપતિ), માલ ગંગા ડેરી (ઉત્તર પ્રદેશ) અને એઆર ડેરી ફૂડ્સ (તમિલનાડુ) જેવા અલગ અલગ નામોથી બોલી લગાવી અને TTDને નકલી ઘી સપ્લાય કરવાનું ચાલુ રાખ્યું હતું. તપાસમાં બીજી એક ચોંકાવનારી હકીકત બહાર આવી કે ગયા જુલાઈમાં પશુની ચરબીની મિલાવટને કારણે TTDએ જે ઘી નકારી કાઢ્યું હતું તે ઘી વૈષ્ણવી ડેરી દ્વારા એઆર ડેરીના નામે મંદિરમાં ફરીથી સપ્લાય કરવામાં આવ્યું હતું. આ નકલી ઘીનો ઉપયોગ પવિત્ર તિરુપતિ લાડુ પ્રસાદ તૈયાર કરવા માટે કરવામાં આવ્યો હતો. જો જૈન નામધારી વેપારીઓ તિરુપતિનાં મંદિરમાં મટન ટેલોમાંથી બનાવેલું લાખો કિલો ઘી સપ્લાય કરી શકે તો ભોજનશાળાઓમાં વપરાતું ઘી પણ નકલી હોઈ શકે છે.

૧૯૮૩માં જૈન શુદ્ધ વનસ્પતિ જૂથની કંપનીઓ પર આયાતી પ્રાણી ચરબી (મટન ટેલો) ને વનસ્પતિ ઘીમાં ભેળવવાના મોટા ભેળસેળ કૌભાંડનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેના કારણે મોટી રાજકીય ઉથલપાથલ મચી ગઈ હતી. જૈન શુદ્ધ વનસ્પતિ લિમિટેડે ૧૨,૦૦૦ ટન બીફ ટેલો આયાત કર્યો હતો. જ્યારે કસ્ટમ્સમાં તેમની પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેમણે ૧.૦૯ કરોડ રૂપિયાનો દંડ ભર્યો અને છટકી ગયા હતા. જૈન શુદ્ધ વનસ્પતિ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર વિનોદ કુમાર જૈન ગુનાહિત તપાસનું કેન્દ્રબિંદુ બન્યા હતા. ઘરગથ્થુ રસોઈ તેલમાં ગાયની ચરબી દાખલ થઈ હોવાના ખુલાસાથી સમગ્ર ભારતમાં ધાર્મિક લાગણીઓને ભારે ઠેસ પહોંચી હતી. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) દ્વારા દેશભરમાં દરોડા પાડવામાં આવ્યા હતા અને કંપનીના ટોચના અધિકારીઓને રાષ્ટ્રીય સુરક્ષા કાયદા જેવા કડક કાયદા હેઠળ અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. જૈન બંધુઓ દ્વારા ભારતના ટોચના રાજકારણીઓને કરોડો રૂપિયાની લાંચ આપવામાં આવી હતી.

ગુજરાતમાં મટન ટેલો અને પામ ઓઈલના ઉપયોગથી નકલી ઘી બનાવવાનું કૌભાંડ કેટલું વ્યાપક છે, તેનો ખ્યાલ છેલ્લા થોડા સમયમાં પકડાયેલા નકલી ઘીના મોટા જથ્થા દ્વારા આવે છે :

(૧) આ વર્ષના જૂન મહિનામાં

...અનુસંધાન પાના નં. 4 પર

જીવન અત્યંત નાજૂક, સુંદર અને પારદર્શક છે : ગ્લાસ મેનેજરી

અમેરિકન રંગમંચના ઈતિહાસમાં ટેનેસી વિલિયમ્સ દ્વારા રચિત 'ધ ગ્લાસ મેનેજરી' એક અજોડ અને સીમાચિહ્ન રૂપ નાટક છે. 1945માં બ્રોડવે પર પ્રદર્શિત થતાં જ આ નાટકે વિલિયમ્સને રાતોરાત વિશ્વસ્તરીય નાટ્યકાર તરીકે સ્થાપિત કરી દીધા. આ નાટક માત્ર એક નાનકડા પરિવારની વિડંબના નથી, પરંતુ તે માનવીય એકલતા, અપેક્ષાઓ અને ભ્રમણાઓની દુનિયાનું એક આહ્લાદક તેમજ હૃદયદ્રાવક દર્શન કરાવે છે.

રંગમંચ પર જે કંઈ પણ દેખાય છે તે વાસ્તવિક સમયની ઘટના નથી, પરંતુ મુખ્ય પાત્ર ટૉમ વિંગફિલ્ડના મનમાં સંગ્રહિત સ્મરણો અને યાદોનું જીવંત પ્રતીક છે

ટેનેસી વિલિયમ્સે આ નાટકને 'મેમરી પ્લે' તરીકે ઓળખાવ્યું છે, આનો અર્થ એ છે કે રંગમંચ પર જે કંઈ પણ દેખાય છે તે વાસ્તવિક સમયની ઘટના નથી, પરંતુ મુખ્ય પાત્ર ટૉમ વિંગફિલ્ડના મનમાં સંગ્રહિત સ્મરણો અને યાદોનું જીવંત પ્રતીક છે. સ્મૃતિઓ હંમેશાં ધૂંધળી, પક્ષપાતી અને ક્યારેક ભાવનાત્મક રીતે તીવ્ર હોય છે; આ જ કારણે નાટકમાં વાસ્તવિકતા અને કલ્પનાશીલતાનું એક અદ્ભુત મિશ્રણ જોવા મળે છે. લેખકે પોતે સ્વીકાર્યું હતું કે આ નાટક તેમના પોતાના પારિવારિક જીવન પરથી પ્રેરિત છે, જેમાં તેમની માતાની મહત્ત્વાકાંક્ષાઓ અને તેમની માનસિક રીતે સંવેદનશીલ બહેન રોઝની છાપ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

પરિવારની માતા અમાન્ડા એક સમયે દક્ષિણ અમેરિકાની ખૂબ જ લોકપ્રિય અને સમૃદ્ધ 'સધર્ન બેલ' રહી ચૂકી છે. પતિના ત્યજી દીધા પછી તે અત્યંત ગરીબાઈમાં જીવન વિતાવે છે, પરંતુ તેનું મન હજુ પણ ભૂતકાળના ભવ્ય દિવસોમાંથી બહાર આવી શક્યું નથી. તે પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત ચિંતિત રહે છે, પરંતુ તેની પદ્ધતિઓ ઘણીવાર દબાણયુક્ત અને વાસ્તવિકતાથી વેગળી હોય છે.

નાટકની પટકથા સેન્ટ લુઈસના એક ગીચ અને સાંકડા એપાર્ટમેન્ટની આસપાસ ફરે છે. અમાન્ડા પોતાની પુત્રી લૌરાના ભવિષ્યને લઈને ભયભીત છે કારણ કે લૌરા પાસે ન તો કોઈ ડિગ્રી છે કે ન તો કોઈ નોકરી અને લગ્ન વગર તેનું ભવિષ્ય અંધકારમય દેખાય છે. અમાન્ડાના સતત આગ્રહ અને દબાણને કારણે ટૉમ તેના વેરહાઉસમાંથી જિમ ઓકોનર નામના યુવકને રાત્રિભોજન માટે આમંત્રણ આપે છે. લૌરા માટે આ યુવક બીજું કોઈ નહીં પરંતુ તેની સ્કૂલની ક્રશ હોય છે.

કર્ટનકોલ

રાત્રિભોજન દરમિયાન વીજળીનું બિલ ન ભરવાને કારણે લાઈટ ચાલી જાય છે, જેનાથી ઘરમાં મીણબત્તીનો પ્રકાશ ફેલાય છે અને એક રોમેન્ટિક વાતાવરણ ઊભું થાય છે. આ એકાંત ક્ષણોમાં જિમ લૌરા સાથે વાતચીત કરે છે અને તેનામાં આત્મવિશ્વાસ જગાવવાનો પ્રયત્ન કરે છે. બંને વચ્ચે નૃત્ય પણ થાય છે, જેનાથી લૌરાની અંદર છુપાયેલી ખુશી બહાર આવે છે. આ ઉત્સાહમાં જ્યારે જિમ લૌરાને તેનું પ્રિય કાચનું યુનિકોર્ન બતાવવાનું કહે છે, ત્યારે અજાણતા જિમના સ્પર્શથી તે યુનિકોર્નનું શિંગડું તૂટી જાય છે. આ ઘટના પ્રતીકાત્મક રીતે લૌરાના તૂટેલા હૃદય અને તેની નાજૂક દુનિયાનું સૂચન કરે છે. થોડી જ ક્ષણોમાં જિમ ખુલાસો કરે છે કે તે પહેલેથી જ બેટી નામની યુવતી સાથે સગાઈ કરી ચૂકેલો છે. આ ખુલાસો લૌરાની તમામ ભ્રમણાઓને કાયમ માટે તોડી નાખે છે. આ ઘટનાથી રોષે ભરાયેલા ટૉમ અને અમાન્ડા વચ્ચે ઉગ્ર દલીલ થાય છે અને ટૉમ ઘર છોડીને કાયમ માટે ચાલ્યો જાય છે. વર્ષો વીતી ગયા પછી પણ ટૉમ દુનિયાના કોઈપણ ખૂણે જાય, બહેન લૌરાની યાદો તેને ક્યારેય છોડતી નથી.

કાચની જેમ જ લૌરાનું જીવન અત્યંત નાજૂક, સુંદર અને પારદર્શક છે, જે સહેજ પણ આઘાત સહન કરી શકતું નથી.

એપાર્ટમેન્ટની બહાર જવાનો લોખંડી સીડી માર્ગ, જે વાસ્તવિકતા અને ગૂંગળામણભર્યા પારિવારિક બંધનોમાંથી મુક્ત થઈને બહાર ભાગી જવાની ટૉમની તીવ્ર ઝંખના દર્શાવે છે. નાટકના તમામ મુખ્ય પાત્રો પોતપોતાની રીતે વાસ્તવિકતાનો સામનો કરવાથી ડરે છે અને પલાયનવાદનો આશરો લે છે. અમાન્ડા પોતાના ભૂતકાળમાં જીવે છે, ટૉમ મૂવી થિયેટર અને દારૂ પાછળ નાસી છૂટે છે, જ્યારે લૌરા પોતાના કાચના પ્રાણીઓ અને સંગીતમાં શરણ લે છે.

ટેનેસી વિલિયમ્સનું 'ધ ગ્લાસ મેનેજરી' નાટક માનવીય સંબંધોની જટિલતા અને નબળાઈનો એક સુંદર દસ્તાવેજ છે. તે આપણને શીખવે છે કે ભ્રમણાઓ ભલે ગમે તેટલી સુંદર હોય, પણ વાસ્તવિકતાનો સામનો કરવો અનિવાર્ય છે. આ કૃતિ તેના કાલ્પનિક માહોલ, અદભૂત કાવ્યાત્મક સંવાદો અને લાગણીશીલ પાત્રોને કારણે સદાય અમર રહેશે.

સોનું મોંઘું કે ઓઈલ?

દુનિયામાં એવી બે વસ્તુ છે, જેના ભાવ સાંભળતાં જ માણસના ચહેરા પર અલગ-અલગ પ્રકારની ચિંતા દેખાય છે. સોનાનો ભાવ વધે તો પત્ની પતિ તરફ જુએ અને પતિ મોબાઈલ તરફ! જ્યારે પેટ્રોલ-ડીઝલનો ભાવ વધે તો પતિ સીધો ગાડીના મીટર તરફ જુએ અને વિચારે 'આ ગાડી વેચીને સાઇકલ લેવાનો સમય તો નથી આવી ગયો ને?' પણ સવાલ એ છે કે Gold કે Oil, સૌથી મોંઘું શું?

સવાલ નાનો છે, પરંતુ તેની પાછળની કહાની બહુ મોટી છે. સોનું એટલે માત્ર ઘરેણું નહીં.

આપણે ત્યાં સોનું એટલે લગ્ન, તહેવાર, બચત અને 'સમય ખરાબ આવે તો કામ લાગશે' એવી માનસિકતા. દાદીના જમાનાની સોનાની બંગડી આજે પણ ઘરમાં એટલી જ પ્રતિષ્ઠાથી પડી હોય છે, જેટલી નવી ખરીદેલી વસ્તુ! સોનાની સૌથી મોટી ખાસિયત એ છે કે તે મર્યાદિત છે. માણસ પૈસા છાપી શકે, પરંતુ સોનું પોતાની મરજીથી બનાવી શકતો નથી. ધરતીના પેટાળમાંથી જે સોનું મળે છે, તે જ આપણું. સોનું કાટ ખાતું નથી, સરળતાથી નાશ પામતું નથી અને હજારો વર્ષથી તેની કિંમત જળવાઈ રહી છે. એટલે દુનિયામાં આર્થિક અનિશ્ચિતતા વધે ત્યારે પણ સોનાને 'સેફ હેવન' એટલે કે સલામત રોકાણ તરીકે જોવામાં આવે છે એટલે જ સોનાનો ભાવ વધે ત્યારે લોકો કહે છે, 'હવે તો સોનું ખરીદવું મુશ્કેલ છે.' પરંતુ સોનું ખરીદવાનું ટાળી શકાય.

ઓઈલનું શું?

ઓઈલ એટલે દુનિયાની નસોમાં દોડતું ઈંધણ. ક્રૂડ ઓઈલને આપણે ઘણી વખત માત્ર પેટ્રોલ અને ડીઝલ સાથે જ જોડીએ છીએ. પરંતુ હકીકતમાં તેની દુનિયા ઘણી મોટી છે. ક્રૂડ ઓઈલમાંથી પેટ્રોલ, ડીઝલ, જેટ ફ્યુઅલ, લુબ્રિકન્ટ્સ ઉપરાંત પ્લાસ્ટિક અને અનેક પ્રકારના કેમિકલ્સ તથા ઔદ્યોગિક ઉત્પાદનો બને છે એટલે ઓઈલ માત્ર કાર કે બાઈકની ટાંકીમાં જતું નથી. તે આપણી રોજિંદી જિંદગીમાં અનેક સ્વરૂપે હાજર છે. તમારી કાર દોડે છે, ટ્રક માલ પહોંચાડે છે, વિમાન ઉડે છે, ફેક્ટરીઓમાં ઉત્પાદન થાય છે. આ સમગ્ર વ્યવસ્થામાં ઓઈલનું લાંબા સમયથી મોટું યોગદાન રહ્યું છે. એટલા માટે જ તેને 'કાળું સોનું' કહેવામાં આવે છે.

સોનાનો ભાવ વધે તો પત્ની પતિ તરફ જુએ અને પતિ મોબાઇલ તરફ! જ્યારે પેટ્રોલ-ડીઝલનો ભાવ વધે તો પતિ સીધો ગાડીના મીટર તરફ જુએ અને વિચારે 'આ ગાડી વેચીને સાઇકલ લેવાનો સમય તો નથી આવી ગયો ને?'

એક કિલો સોનું કે એક કિલો ઓઈલ? હવે જો સીધી તુલના કરીએ તો વાત એકદમ સાફ છે. એક કિલો સોનું અને એક કિલો ક્રૂડ ઓઈલ સામસામે મૂકો તો સોનું અનેકગણું મોંઘું પડશે. સોનું અહીં બાજી મારી જાય! પણ મજાની વાત એ છે કે ઓઈલ સસ્તું હોવા છતાં દુનિયા માટે તેની અસર ઘણી મોટી છે. કલ્પના કરો કે દુનિયામાં એક દિવસ માટે ઓઈલનો પુરવઠો જ અટકી જાય.

ગાડીઓ ઊભી રહી જાય, ટ્રકો અટકી જાય, ટ્રકથી માલ એક શહેરમાંથી બીજા શહેરમાં જાય છે. પરિવહનનો ખર્ચ વધે એટલે માલ પહોંચાડવાનો ખર્ચ પણ વધી શકે અને અંતે તેની અસર અનેક વસ્તુઓના ભાવ પર પડી શકે. એટલે ઓઈલના ભાવમાં વધારો માત્ર પેટ્રોલ પંપ પર થતી ઘટના નથી. તે ધીમે ધીમે બજારની ગલીઓમાંથી પસાર થઈને આપણા ઘરના બજેટ સુધી પહોંચી શકે છે. સોનાનો ભાવ વધે ત્યારે તમે કહો, 'આ વર્ષે બંગડી પછી લઈશું.'

વિમાનો પર અસર પડે, ઉદ્યોગોને મુશ્કેલી પડે અને માલસામાનની હેરફેર ખોરવાઈ શકે. એટલે ઓઈલની કિંમત માત્ર તેની બેરલની કિંમતથી નક્કી થતી નથી. તેની પાછળ આખી વૈશ્વિક અર્થવ્યવસ્થા જોડાયેલી છે. ઓઈલ મોંઘું એટલે રસોડું પણ મોંઘું!

પણ પેટ્રોલનો ભાવ વધે ત્યારે? 'ગાડી તો ચલાવવી જ પડશે!' આ છે સોના અને ઓઈલ વચ્ચેનો સૌથી મોટો તફાવત.

બંનેના ભાવમાં દુનિયાની રાજનીતિનો પણ મોટો હિસ્સો છે. યુદ્ધ, આંતરરાષ્ટ્રીય તણાવ, આર્થિક અનિશ્ચિતતા, પુરવઠો અને માંગ આ બધું સોના અને ઓઈલના બજારને અસર કરી શકે છે.

અહીં વાર્તામાં એક નવો ખેલાડી પણ આવી ગયો છે! સ્વચ્છ ઊર્જા. સોલાર ઊર્જા, પવન ઊર્જા, ઈલેક્ટ્રિક વાહનો અને અન્ય વિકલ્પો વધી રહ્યા છે. દુનિયા ધીમે ધીમે પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ ઓઈલની દુનિયા હજી એટલી સહેલી રીતે ખતમ થવાની નથી. પરિવહન ઉપરાંત ઉદ્યોગો અને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં પણ તેની મોટી ભૂમિકા છે. બીજી તરફ સોનાની બાબતમાં ટેક્નોલોજી જેટલી આગળ વધે તેટલું સોનાનું આકર્ષણ ઓછું થતું નથી. મોબાઈલ સ્માર્ટ થયો, ટીવી સ્માર્ટ થયું, કાર સ્માર્ટ થઈ ગઈ... પણ લગ્નમાં કન્યાને સોનાની ચેઈન આપવાની પરંપરા હજુ પણ 'સ્માર્ટલી' ચાલુ છે!

સોનું ખિસ્સાને મોંઘું પડે છે, જ્યારે ઓઈલ ખિસ્સા ઉપરાંત આખી અર્થવ્યવસ્થાને અસર કરે છે. સોનું લોકરમાં બંધ થઈને પણ રાજા બની શકે છે, પરંતુ ઓઈલ તો દુનિયાની ગાડી દોડાવીને જ રાજ કરે છે! અને સામાન્ય માણસ માટે તો બંનેની પોતાની-પોતાની 'દહેશત' છે. સોનાનો ભાવ સાંભળીને આપણે કહીએ–'ચાલો, આ વર્ષે સોનું નહીં લઈએ.' પેટ્રોલનો ભાવ સાંભળીને કહીએ–'ચાલો, હવે ગાડી ધીમે ચલાવીએ!' પણ ગાડી વેચી દેવાની વાત આવે ત્યારે? પછી સોનું ખરીદવાનું સપનું જ સારું લાગે!

આથી Gold અને Oilની આ રસપ્રદ લડાઈમાં એકને સંપૂર્ણ વિજેતા કહેવું મુશ્કેલ છે. સોનું 'ભાવ'માં બાદશાહ છે... અને ઓઈલ 'અસર'માં!

કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ